શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમનું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૬ • અંક : ૦૬
જૂન : ૨૦૨૪

SGVP ગુરુકુલ પરિવાર દ્વારા દસ હજાર કિલો ઉપરાંત કેરીનો આમ્રોત્સવ - વડતાલધામ

આમ્રોત્સવ - અમદાવાદ ગુરુકુલ

SGVP હોલિસ્ટિક હોસ્પિટલ દ્વારા ગુજરાતમાં સૌપ્રથમવાર ન્યુરોમોડ્યુલેશન વિભાગના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત ડોક્ટર મિત્રો

SGVP ખાતે યોજાયેલ વૈદિક પ્રશિક્ષણ શિબિરમાં ઉપસ્થિત દેશભરના વિદ્વાનોનું પૂજન કરતા પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી તથા સંતો



SGVP સૂર્યા સ્પોર્ટ્સ એકેડેમી દ્વારા આયોજિત GPL-13 ના વિજેતાઓને પ્રોત્સાહિત કરતા સંતો તથા મહાનુભાવો

રીબડા-રાજકોટ ગુરુકુલ ખાતે યોજાયેલ બાલસત્સંગ શિબિરમાં માતૃ-પિતૃ વંદના તથા આમ્રોત્સવ દર્શન

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૬, જૂન : ૨૦૨૪, અંક : ૦૬

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

તોહે મેરી બાંહ ગ્રહે કી લાજ...

તોહે મેરી બાંહ ગ્રહે કી લાજ,
હો મેરે મહારાજ; તોહે...ટેક.

હમ હે પતિત તુમ પતિત કે પાવન,
ગિરિધર ગરીબનિવાજ. તોહે૦ ૧

યહુ જુગ કે નરનારી પાતકી,
સબ હી ઓધારે આજ. તોહે૦ ૨

અધમઓધારન ત્રિભુવન તારન,
શ્રીહરિ કિયાજહાજ. તોહે૦ ૩

પ્રેમાનંદ કે' પ્રભુ પ્રગટે ધર્મકુલ,
અધમ ઓધારન કાજ. તોહે૦ ૪

અનુક્રમણિકા

૧.	પ્રાચીન ગુરુકુલ શિક્ષા-પદ્ધતિ	૦૪
૨.	મામા પ્રયાગદાસજી	૦૯
૩.	ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના...	૧૧
૪.	નાથુભાનો ખટારો	૧૩
૫.	ભક્તિનો અમૃત પ્રવાહ	૧૪
૬.	સમાચાર દર્શન	૧૬

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar | GurukulParivar
swaminarayangurukul.org | darshan@sgvp.org

પ્રાચીન ગુરુકુલ શિક્ષા-પદ્ધતિ

- સ્વામી માધવપ્રિયદાસ

પ્રાચીન ભારતવર્ષ જ્ઞાન-વિજ્ઞાનના ગૌરીશિખર પર બિરાજમાન હતું. અહીં સંસ્કારો પણ હતા અને સમૃદ્ધિ પણ હતી.

ભારતીય સંસ્કૃતિની આ ભવ્યતાનું કારણ ગુરુકુલ શિક્ષા-પદ્ધતિ હતી. પ્રાચીન ભારતવર્ષનું ઘડતર ગુરુકુલોમાં થતું. મોટાભાગના ગુરુકુલો કુદરતને ખોળે પાંગર્યાં હતાં.

કુળ બે પ્રકારના છે, એક 'પારિવારિક કુળ', જેમાં દાદા-દાદી, માતા-પિતા, ભાઈ-બહેનો, પુત્રવધૂઓ સાથે રહે છે.

બીજું 'ગુરુઓનું કુળ', જેમાં જ્ઞાનદાતા ગુરુઓ અને શિષ્યો સાથે રહે છે; આ ગુરુઓના કુળને 'ગુરુકુળ' કહેવાય છે. આને વિદ્યાકુળ અથવા તો જ્ઞાનકુળ પણ કહી શકાય.

પારિવારિક કુળ કરતાં પણ ગુરુકુલનું વિશેષ મહત્ત્વ છે. પારિવારિક કુળમાં શરીરનો જન્મ થાય છે, જ્યારે ગુરુકુલમાં ચૈતન્યના ઉત્તમ ગુણોનો આવિર્ભાવ થાય છે. ગુરુ શિષ્યોને આ લોક અને પરલોકની કલ્યાણકારી વિદ્યાઓ ભણાવે છે. આ વિદ્યાઓરૂપી જ્ઞાનના પ્રકાશ દ્વારા શિષ્યોના મનમાં રહેલ અજ્ઞાનનો અંધકાર દૂર થાય છે.

પ્રાચીન ગુરુકુલોમાં હજારો બાળકો એક પરિવારની જેમ સાથે રહેતાં, અહીં રાજા કે રંકના કોઈ ભેદભાવ નહોતા.

ભગવાન શ્રીરામ વશિષ્ઠ ઋષિના ગુરુકુલમાં ભણ્યા હતા, ભગવાન શ્રીકૃષ્ણ અને રંક સુદામા સાંદીપનિ ઋષિના ગુરુકુલમાં એક સાથે ભણ્યા હતા.

ચાણક્ય અને સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય જેવી વિશ્વપ્રસિદ્ધ વિભૂતિઓ તક્ષશિલા જેવા ગુરુકુલની ગોદમાં ઉછરીને તૈયાર થઈ હતી.

એ સમયે ભારત અત્યારે છે એના કરતાં અનેકગણો વિશાળ હતો. વિશાળ ભારતમાં સર્વત્ર ગુરુકુલો છવાયેલાં હતાં. જ્ઞાન-વિજ્ઞાનમાં નિષ્ણાત ઋષિમુનિઓ અહીં ઉચ્ચ અને સભ્ય માનવજીવનનું નિર્માણ કરતા હતા.

ગુરુ-શિષ્યભાવ :

પ્રાચીન ગુરુકુલ શિક્ષા-પદ્ધતિનો આત્મા ગુરુ-શિષ્યભાવ હતો. પ્રાચીન ગુરુકુલના વિદ્યાર્થીઓ ગુરુ પ્રત્યે પરમાત્મા જેટલી જ પૂજ્યભાવના અને શ્રદ્ધા ધરાવતા હતા, તો સામે ગુરુઓ પણ શિષ્યો ઉપર જનેતાને ભૂલાવે એવું વાત્સલ્ય વરસાવતા હતા.

પ્રાચીન ગુરુકુલ શિક્ષાપદ્ધતિમાં ગુરુ અને શિષ્ય વચ્ચેનો આ લાગણીભર્યો જીવંત સંબંધ વિદ્યાના આદાન-પ્રદાનમાં મહત્ત્વનો ભાગ ભજવતો હતો.

પ્રાચીન ગુરુકુલની વિવિધ વિદ્યાશાખાઓ :

આજના કોઈ પણ વિશ્વ વિદ્યાલયમાં હોય એથી વધારે વિષયોના વિભાગો (ફેકલ્ટીઓ) પ્રાચીન ગુરુકુલોમાં હતા. પ્રાચીન ગુરુકુલોમાં આશરે ૭૨ જેટલી વિદ્યાશાખાઓ હતી.

ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર,

સમાજશાસ્ત્ર, ઇતિહાસ, પુરાણ, ગણિતશાસ્ત્ર, વાણિજ્યવિદ્યા, ખગોળ-વિજ્ઞાન, ભૂગોળવિજ્ઞાન, જ્યોતિષવિદ્યા, વાસ્તુવિદ્યા, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન, આયુર્વેદ, ધનુર્વેદ(અસ્ત્ર-શસ્ત્ર, યુધ્ધકલા), કૃષિવિદ્યા, વનસ્પતિવિજ્ઞાન, ધાતુવિજ્ઞાન, વિમાનશાસ્ત્ર, જલયાન વિદ્યા, પશુપાલન, અશ્વશાસ્ત્ર, ભાષાવિજ્ઞાન, મનોવિજ્ઞાન, વાકોવાક્યમ્ (વકીલાત), શિલ્પશાસ્ત્ર, સંગીત, વાદ્ય, નાટ્ય, નૃત્ય, ચિત્રકલા, શરીર પ્રસાધન કળા(બ્યૂટીફિકેશન), છલિત યોગ (હાથ-ચાલાકીના ખેલ), અક્ષક્રીડા (દ્યૂત), શતરંજ (ચેસ) વગેરે.

પ્રાચીન ગુરુકુલોમાં ભણાવાતી વિદ્યાશાખાઓની યાદી ઘણી લાંબી છે, જેને વાંચતાં આજના વિદ્વાનો પણ અચંબામાં પડી જાય છે.

પ્રાચીન ગુરુકુલ શિક્ષા-પદ્ધતિમાં એક મહત્ત્વની વાત એ હતી કે, આ તમામ વિદ્યાશાખાઓનો પાયો અધ્યાત્મવિદ્યા રહેતી, જેને લીધે વિદ્યાર્થીઓ પોતાના જ્ઞાનનો ઉપયોગ સ્વાર્થ માટે નહીં, પરંતુ વિશ્વકલ્યાણ માટે કરતા.

બીજી મહત્ત્વની વાત એ હતી કે, પ્રાચીન ગુરુકુલોમાં વિદ્યાનું વ્યાપારીકરણ નહોતું.

એ સમયે આજની જેમ વિદ્યા વેચાતી ન હતી, વહેંચાતી હતી. ગુરુઓ જ્ઞાનદાનને શ્રેષ્ઠ દાન માનતા હતા. તેઓ જ્ઞાનના વેપારમાં માનતા નહોતા.

પ્રકૃતિ અને પર્યાવરણ સાથે પ્રેમભર્યો સંબંધ

પશ્ચિમની સંસ્કૃતિ પ્રકૃતિને ભોગ્ય માને છે, ભારતીય સંસ્કૃતિ પ્રકૃતિને પૂજ્ય માને છે.

પ્રાચીન ગુરુકુલો કુદરતની ગોદમાં વિકસ્યાં હતાં, ગુરુકુલ શિક્ષાપદ્ધતિ પૃથ્વી, પાણી, આગ, પવન, આકાશ તેમજ પર્વતો, વૃક્ષો, નદીઓ અને નક્ષત્રોમાં દેવતાઓનું દર્શન કરાવતી હતી. ગુરુકુલના વિદ્યાર્થીઓ કુદરતને દેવતા માની પૂજતા હતા અને પ્રેમ કરતા હતા.

આજે કહેવાતી સુધરેલી સભ્યતાએ આંધળી ઉપભોગબુદ્ધિથી કુદરતી ચક્રને ખોરવી નાખ્યું છે. કુદરત કામધેનુ ગાય સમાન છે. કુદરતનાં આંચળમાંથી વરસતું અમૃત જડ-ચેતન વિશ્વનું પોષણ કરે છે.

પ્રસન્ન થયેલી કુદરત સમસ્ત જીવનને 'सत्यम् शिवम् सुन्दरम्' બનાવે છે અને જો એ રૂઠે તો વિનાશ પણ એટલો જ વેરે છે. કામધેનુનું દૂધ પીવું હિતકારી છે, પણ એને પીડીને લોહી ચૂસવું અનર્થકારી છે.

યજ્ઞો અને ગૌસેવા

ભારતીય સંસ્કૃતિમાં યજ્ઞનું ખૂબ જ મહત્ત્વ છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, 'મનુષ્યો યજ્ઞોથી દેવતાઓને પ્રસન્ન કરે છે અને પ્રસન્ન થયેલા દેવતાઓ પ્રાણીમાત્રને સુખી કરે છે.' આમ પરસ્પરના સહકારથી આ સૃષ્ટિચક્ર સારી રીતે ગતિશીલ રહે છે.

ગુરુકુલોમાં નિયમિત રીતે યજ્ઞના માધ્યમથી વિષ્ણુસ્વરૂપ અગ્નિનારાયણની ઉપાસના થતી, આ અગ્નિ-ઉપાસનાથી સરાણે ચડેલા હીરાની જેમ વિદ્યાર્થીઓની બુદ્ધિ સતેજ બનતી.

પ્રાચીન ગુરુકુલોમાં કામધેનુ જેવી હજારો ગાયો રહેતી, ગુરુઓ અને વિદ્યાર્થીઓ નિયમિત રીતે ગૌપૂજન, ગૌસેવા અને ગૌપરિરક્ષણ કરતા. કામધેનુ જેવી આ ગાયોનાં દૂધ-ઘીનાં સેવનથી સૂર્યથી કમળ ખીલે એમ વિદ્યાર્થીઓની મેધાશક્તિ વિકસતી હતી.

નિયમ, સંયમ, સેવા અને સાદગી

પ્રાચીન ગુરુકુલોમાં વિદ્યાર્થીઓ નિયમ, સંયમ અને બ્રહ્મચર્યનું પાલન કરતા, શ્રમ, સેવા અને સાદગીભર્યું જીવન જીવતા.

વિદ્યાર્થીઓ જંગલમાં ફળ-ફૂલ વીણવા જતા, યજ્ઞ માટે કાષ્ઠ લેવા જતા, વિદ્યાભ્યાસની સાથે સાથે ગોચારણ કરતા અને આશ્રમની ખેતીવાડી પણ સંભાળતા. વિદ્યાભ્યાસની સફળતામાં બુદ્ધિ કરતાંય ગુરુકૃપા મહત્ત્વનો ભાગ ભજવતી.

ભીક્ષાટન

પ્રાચીન ગુરુકુલ શિક્ષા-પદ્ધતિમાં ભીક્ષાટન મહત્ત્વનું અંગ હતું. રાજાના સંતાન હોય કે રંકના, ગુરુકુલના બધા જ વિદ્યાર્થીઓ માટે ભિક્ષાટન અનિવાર્ય હતું.

આ ભીક્ષાટનને લીધે વિદ્યાર્થીઓને નાનામાં નાના પરિવારો સાથે પણ લાગણીનો નાતો બંધાતો, એનાં સુખદુઃખ સમજાતાં... આ સમજણ એમના ભવિષ્યના જીવનમાર્ગને સ્પષ્ટ કરનારી બનતી.

ભીક્ષાટનથી વિદ્યાર્થીઓના હૃદયમાંથી શરમ, સંકોચ અને ગ્લાનિ દૂર થતાં, માન-અપમાન સહન કરવાની શક્તિ મળતી.

સૌથી મહત્ત્વની વાત તો એ હતી કે, આ ભીક્ષાટનથી વિદ્યાર્થીઓના અંતરનો અહંકાર દૂર થતો, તેઓ સંયમ, વિનમ્રતા અને અનુશાસનના પાઠ શીખતા.

ભૌતિક વિકાસ સાથે આધ્યાત્મિક વિકાસ

પ્રાચીન ગુરુકુલ શિક્ષા-પદ્ધતિને લીધે વિદ્યાર્થીના જીવનમાં ભૌતિક જ્ઞાન-વિજ્ઞાનની સાથે આધ્યાત્મિક સદ્‌ગુણોનો વિકાસ થતો.

આ સદ્‌ગુણોને લીધે વિદ્યાર્થીઓ સંવેદનશીલ બનતા, એમની સંવેદના માત્ર મનુષ્યો પૂરતી સીમિત ન હતી, તેઓની સંવેદના સમગ્ર જડચેતન સૃષ્ટિ સાથે જોડાયેલી હતી.

આધ્યાત્મિકતાને લીધે જ એમના દિલમાં 'वसुधैव कुटुम्बकम् !' અને 'सर्वे भवन्तु सुखिनः !'ની ભાવના વિકસતી. આવી સર્વજીવહિતાવહ ઉદાત્ત ભાવના વિશ્વના અન્ય ધર્મોમાં ભાગ્યે જ જોવા મળે છે.

ગુરુકુલ શિક્ષાપદ્ધતિને લીધે જ ભારતવર્ષ ધાર્મિક દૃષ્ટિએ હંમેશા ઉદાર વિચારસરણીવાળો દેશ રહ્યો છે. ભારતે ક્યારેય ધાર્મિક યુદ્ધો (ક્રૂસેડ) કર્યાં નથી. ભારતે કોઈનું ધર્માંતરણ કરવાનો પ્રયાસ કર્યો નથી.

ગુરુકુલ શિક્ષાપદ્ધતિએ પાપ-પુણ્યની સુંદર વ્યાખ્યા આપી છે, 'परोपकारः पुण्याय पापाय परपीडनम् ।' 'પરોપકાર જેવું કોઈ પુણ્ય નથી અને પરપીડન જેવું કોઈ પાપ નથી.' ગુરુકુલના વિદ્યાર્થીઓ આ સૂત્રને અનુસરીને 'બીજાનાં સુખે સુખ' અને 'બીજાનાં દુઃખે દુઃખ' માનતા.

ઈશ ઉપનિષદનો મંત્ર છે, 'तेन त्यक्तेन भुञ्जीथाः ।' ગુરુકુલના વિદ્યાર્થીઓ આ મંત્રને આત્મસાત્ કરતા. તેઓ પુરુષાર્થ અને પરમાત્માની કૃપાથી મળેલી સંપત્તિને ઉદાર હૃદયે વહેંચીને ભોગવતા.

ગુરુકુલોમાં તૈયાર થયેલા વિદ્યાર્થીઓનું વિદ્યાકૌશલ્ય સ્વાર્થસાધન માટે નહીં, પરંતુ પરમાર્થસાધન માટે વપરાતું. એમનાં બલ, તેજ અને પરાક્રમ સજ્જનોની રક્ષા અને દુષ્ટોના દમન માટે વપરાતાં.

પ્રાચીન ગુરુકુલ શિક્ષા-પદ્ધતિ ઈશ્વરની આરાધના, માતા-પિતા અને અતિથિઓ પ્રત્યે પૂજ્ય ભાવનાના પાઠો શીખવતી. વળી પારિવારિક જીવનમાં સ્નેહ અને સમર્પણભર્યા સંબંધો ઉપર ભાર મૂકતી.

ભારતીય સંસ્કૃતિમાં અઠવાડિયામાં એક વાર નહીં, દરરોજ ઈશ્વરનું આરાધન થાય છે. વિદેશી સંસ્કૃતિમાં વર્ષમાં માત્ર એક વાર 'ફાધર્સ ડે' અને 'મધર્સ ડે' ઉજવાય છે, જ્યારે ભારતીય સંસ્કૃતિમાં રોજેરોજ માતા-પિતા-ગુરુજનો તથા અતિથિઓને દેવ સમાન માની સેવા કરવામાં આવે છે.

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता

પશ્ચિમની સંસ્કૃતિ નારીને ભોગ્યા માને છે, જ્યારે ભારતીય સંસ્કૃતિ નારીને પૂજ્ય માને છે.

પ્રાચીન ગુરુકુલ શિક્ષા-પદ્ધતિ નારીશક્તિને પૂર્ણ સન્માન આપવાનું શીખવતી હતી. નારીને 'નારાયણી' ગણવામાં આવતી.

મહારાજ મનુએ કહ્યું છે કે, यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः । 'જે સમાજ અને પરિવારમાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે. જે સમાજમાં નારીની આંખમાંથી આંસુ ખરે છે, ત્યાં વિનાશ સર્જાય છે.'

ભારતીય સંસ્કૃતિમાં પત્નીને 'ધર્મપત્ની' કહીને સન્માન આપવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં મા, બહેન, દીકરીમાં જેવી પવિત્ર ભાવના છે, એવી પવિત્ર ભાવના વિશ્વની અન્ય સંસ્કૃતિમાં ભાગ્યે જ જોવા મળે છે.

પ્રાચીન ભારતમાં વેદોના મંત્રદૃષ્ટાઓ ઋષિઓ હતા, એ જ રીતે મંત્રદૃષ્ટિ ઋષિકાઓ પણ હતી.

પ્રાચીન ગુરુકુલ શિક્ષા-પદ્ધતિ સત્ય અને ધર્મને માર્ગે ચાલવાની પ્રેરણા આપતી.

પ્રાચીન ગુરુકુલ શિક્ષા-પદ્ધતિ અંધકારમાંથી પ્રકાશ તરફ, અસત્યમાંથી સત્ય તરફ, મૃત્યુમાંથી અમરતા તરફ પગલાં માંડવાની પ્રેરણા આપતી.

દુર્ભાગ્યે પ્રાચીન ભારતની ગુલામીના અંધકારયુગમાં ગુરુકુલની સર્વાંગીણ શિક્ષા-પ્રણાલીનો એ ઝળહળતો સૂરજ આથમી ગયો હતો અને ચારેબાજુ મેકૉલેછાપ શિક્ષણનાં બીબાંઢાળ કારખાનાં ધમધમવા લાગ્યાં હતાં, જેમાં માણસોને બદલે સંવેદનહીન

મનુષ્યો તૈયાર થતા હતા.

ભગવાનની કૃપાથી લાંબા સંઘર્ષને અંતે ભારતમાં આઝાદીનો સૂરજ ઊગ્યો અને એ જ સમયે પ્રાચીન ગુરુકુલ શિક્ષા-પદ્ધતિનો પણ સૂર્યોદય થયો.

ગુરુકુલ શિક્ષા-પદ્ધતિનો પુનરોદય

આજથી બસ્સો વર્ષ પહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આદેશ આપ્યો છે કે,

'પ્રવર્તનીયા સદ્‌વિદ્યા ભુવિ યત્સુકૃતં મહત્'

'પૃથ્વી ઉપર સદ્‌વિદ્યાનું પ્રવર્તન કરવું, એ ખૂબ મોટું પુણ્યકાર્ય છે.' (શિક્ષાપત્રી-૧૩૨)

ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સદ્‌વિદ્યા પ્રવર્તનની સાથોસાથ ધાર્મિક સંકુચિતતાથી ઉપર ઊઠીને સર્વજીવહિતાવહ સેવાકાર્યો કરવાનો પણ આદેશ આપ્યો છે.

સારાયે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં શિક્ષાપત્રીનો નિત્ય પાઠ થતો હતો, પરંતુ આ વિશ્વમંગલકારી આદેશો અમલીકરણનો અવસર શોધી રહ્યા હતા.

હિમાલયના સુપ્રસિદ્ધ રુદ્રપ્રયાગમાં અલકનંદા અને મંદાકિનીના મંગલ કિનારે સૌરાષ્ટ્રની ધરતીના નાનકડાં તરવડા ગામમાં જન્મેલા એક પવિત્ર સંત ધ્યાનમાં બેઠા હતા, એમનું નામ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી હતું.

જેમ આકાશમાંથી ઊતરતી ગંગા ભગવાન શંકરની જટામમાં ઝીલાય, એમ ધ્યાનાવસ્થામાં વિરાજમાન આ સંતે આ દિવ્ય સંદેશાઓને ઝીલ્યા, પરિણામે સમગ્ર વિશ્વનું મંગલ કરનારી ગુરુકુલ સંસ્કૃતિનું ધરતી ઉપર પુનરાગમન થયું; જેણે શૈક્ષણિક જગતની કાયાપલટ કરવાનો માર્ગ મોકળો કર્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ મંગલ આદેશોને મૂર્ત રૂપ આપવા માટે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ઈ.સ. ૧૯૪૮ વસંત પંચમીના રોજ સૌરાષ્ટ્રના હૃદય સમાન રાજકોટની ધરતી ઉપર ગુરુકુલની સ્થાપના કરી, જેમાં માત્ર એક રૂપિયા જેવા નજીવા લવાજમથી ગામડાના હજારો વિદ્યાર્થીઓ વિદ્યા સાથે સદ્‌વિદ્યાના અમૃત પીતા થયા.

ગુરુકુલના ભવનો આધુનિક બન્યાં, પરંતુ અંદર પ્રાચીન ગુરુકુલ સંસ્કૃતિનો આત્મા ધબકતો રહ્યો. વિદ્યાર્થીઓના જીવનમાંથી ઋષિમુનિઓએ શીખવેલા જીવનમૂલ્યોની સુગંધ પ્રસરતી રહી.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની દીર્ઘદૃષ્ટિને પારખી અમદાવાદ ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ભવ્ય સંસ્થાનું નિર્માણ થયું છે, જેમાં આજે અનેક દેશોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

આજે SGVP ઈન્ટરનેશનલ સ્કૂલ ભારતમાં ત્રીજા નંબરની સ્કૂલ છે. કેમ્પસની ભવ્યતાની દૃષ્ટિએ ભારતના ૧૦ ભવ્ય કેમ્પસોમાં નામના ધરાવે છે.



SGVPના ભવ્ય કેમ્પસમાં ભારતીય સંસ્કૃતિ અને વેદ વગેરે સંસ્કૃત શાસ્ત્રોનાં જતન માટે દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી છે, જેમાં આશરે ૨૦૦ જેટલા ઋષિકુમારો બિલકુલ નિઃશુલ્ક સંસ્કૃત શાસ્ત્રો તેમજ આધુનિક વિષયોનો અભ્યાસ કરી રહ્યા છે. આજે આ સંસ્કૃત વિશ્વવિદ્યાલય સમસ્ત ભારતમાં સુપ્રસિદ્ધ બન્યું છે.

SGVPના ભવ્ય કેમ્પસમાં શ્રી જોગી સ્વામી હોલિસ્ટિક હોસ્પિટલ છે, જે ગુજરાતમાં આ પ્રકારની પ્રથમ નંબરની હોસ્પિટલ છે. આ હોલિસ્ટિક હોસ્પિટલમાં યોગ, આયુર્વેદ અને એલોપથીનો ત્રિવેણીસંગમ છે.

SGVPનું સેવાકાર્ય માત્ર શિક્ષણ પૂરતું સીમિત નથી, SGVP દ્વારા દીન, દુઃખી, દરિદ્ર લોકો માટે અનેક પ્રકારના સેવાકાર્યો ચાલે છે. કુદરતી આપત્તિના સમયે સેવા કરવામાં SGVP હંમેશા અગ્રેસર હોય છે.

SGVP દ્વારા પર્યાવરણની રક્ષા માટે મોટા પાયા ઉપર જળસંચય અભિયાન, સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ અભિયાન, ઓર્ગેનિક ખેતી અભિયાન વગેરે અનેક પ્રકારની સેવા-પ્રવૃત્તિઓ ચાલે છે.

SGVP દ્વારા ધાર્મિક સમરસતા અને ધાર્મિક ચેતનાના વિકાસ માટે અનેકવિધ સાધનાશિબિરો, જ્ઞાનસત્રો, ઉત્સવો વગેરે યોજવામાં આવે છે.

ભારતવર્ષના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ SGVPના શૈક્ષણિક, ધાર્મિક તેમજ સામાજિક સેવાકાર્યોને હૃદયથી બિરદાવતા રહ્યા છે.

SGVP દ્વારા રાજકોટ પાસેના રીબડા ગામે SGVP ઈન્ટરનેશનલ ગુરુકુલની સ્થાપના કરવામાં આવી છે.

SGVPના માધ્યમથી હજારો વિદ્યાર્થીઓનાં જીવન સંસ્કારથી સભર બન્યાં છે અને તેઓ દુનિયાને ખૂણેખૂણે વિવિધ ક્ષેત્રોમાં પોતાનું કર્તવ્ય નિષ્ઠાથી બજાવી રહ્યા છે.

સમાજમાંથી તીવ્ર માંગ હતી કે, જેમ દીકરાઓનું ગુરુકુલ છે, એ જ રીતે દીકરીઓનું ગુરુકુલ પણ થવું જોઈએ. આધુનિક યુગની આ વાસ્તવિકતાને સમજીને SGVP દ્વારા ગીર વિસ્તારમાં, મચ્છુન્દ્રી નદીને કિનારે, પ્રાચીન તીર્થ દ્રોણેશ્વર મહાદેવજીના સાંનિધ્યમાં દીકરીઓના અભ્યાસ માટે ગુરુકુલની સ્થાપના કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના સાવ છેવાડાના વિસ્તારમાં આ ગુરુકુલ આશીર્વાદરૂપ બન્યું છે, જેમાં દીકરીઓ અભ્યાસની સાથે સાથે પોતાનો સર્વાંગીણ વિકાસ સાધી રહી છે.

ગામડાંના પછાત વિસ્તારમાં આવેલું આ ગુરુકુલ સાવ નજીવા લવાજમથી ચાલે છે, છતાં આ ગુરુકુલની સ્કૂલ આધુનિક યુગની તમામ સુવિધાથી સજ્જ છે.

આ રીતે આજથી પંચોતેર વર્ષ પહેલા આઝાદીના ઉદયકાળે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ વાવેલું સદ્‌વિદ્યાનું બીજ આજે ન કેવળ ગુજરાત, ન કેવળ ભારત, પરંતુ સમગ્ર વિશ્વમાં વડલાની જેમ વિસ્તરી રહ્યું છે. ■■■

ચંદ્રાવળા - ત્રિભુવનભાઈ વ્યાસ

અત્ર તત્ર સર્વત્ર

સઘળું અમને આપે ઈશ્વર
અમે શું એને દઈએ ?
જે કંઈ મળે તે એને ધરીને
પછી જ ખપમાં લઈએ,
પછી જ ખપમાં લઈએ દઈએ
સૌમાં ઈશ્વર જોતા રહીએ
કહે કોવિદરામ બહાર ને ભીતર
સઘળું અમને આપે ઈશ્વર
અમે શું એને દઈએ ?

કોઈ ભક્ત રામજી મંદિરમાં જઈને પોતાના ખીસ્સામાં હાથ નાખીને વીસ રૂપિયા, દસ રૂપિયા કે પાંચ રૂપિયાનો સિક્કો હાથમાં ન આવી જાય એની સ્પર્શ કરીને બરાબર ખાત્રી કરે. ત્યારબાદ એક રૂપિયાનો સિક્કો બહાર કાઢે અને એક રૂપિયો પણ કચવાતા મનથી દાનપેટીમાં નાખે.

ત્યારે ભગવાન એટલું જ વિચારે કે, 'મેં પિતાનું વચન પાળવા અયોધ્યાનો ત્યાગ કર્યો અને આખી સોનાની નગરી લંકા વિભિષણને દાનમાં આપી એને એનો ભક્ત એક રૂપિયો આપવામાં પણ ખચકાય છે !'

ખરેખર તો ઈશ્વર અખિલ બ્રહ્માંડના અધિપતિ હોવાથી બધું જ એનું આપેલું છે અને આપણે કશું જ આપી શકીએ તેમ નથી. જે કાંઈ મળે એ ઈશ્વરનું છે એમ માની ઈશ્વરને ધરાવીને પછી આપણા ખપમાં લઈએ, તો ઈશ્વર રાજી થશે. માણસની ભીતર અને બહાર જે કાંઈ છે તે ઈશ્વરનું છે. આપણે હૃદયના શુદ્ધ ભાવ સિવાય કશું જ આપી શકીએ એમ નથી. ■■■

મામા પ્રયાગદાસજી

- શ્રી ભાણદેવજી

જનકપુરમાં એક બ્રાહ્મણ માતાજી રહેતાં હતાં. તેમના પતિ સ્વર્ગવાસી થયા હતા. તેમનો એક નાનો પુત્ર હતો - પ્રયાગદત્ત. એકવાર પ્રયાગદત્ત પોતાની માતાને પૂછે છે, "મા! મારા બીજા કોઈ સગાંસંબંધી નથી?"

મા બાળકને ફોસલાવે છે, "બેટા! તારા સંબંધી છે - તારા બનેવી! તેઓ અયોધ્યાના ચક્રવર્તી રાજાધિરાજ છે!" જનકપુરની સ્ત્રીઓ સીતાજીને પોતાની પુત્રી માને અને તેવો ભાવ રાખે.

બાળક પ્રયાગદાસ કહે છે, "તો મા! હું અયોધ્યા જઈશ." મા સમજાવે છે, "બેટા! તું થોડો મોટો થઈ જા, પછી જજે."

પરંતુ બાળક પ્રયાગદત્તના મનમાં તો બહેન અને બનેવી વસી ગયાં હતાં. થોડા દિવસો પછી બાળક પ્રયાગદત્તે વેન કર્યું. "મા! હવે હું મોટો થઈ ગયો છું. હવે મને મારા બહેન અને બનેવી પાસે જવા દો."

મા ઉત્તર આપે છે, "ભલે બેટા! તું જજે. હું થોડી તૈયારી કરી દઉં છું."

માએ કંસાર (ચોખાના લાડુ) બનાવ્યા અને થોડો સાથવો પણ બનાવ્યો. માએ આ બધું પ્રયાગદત્તને આપ્યું. પ્રયાગદત્ત ખૂબ ઉત્સુકતા અને પ્રસન્નતાપૂર્વક ચાલવા માંડ્યો. ખૂબ ઝડપથી ચાલવા માંડ્યો અને આખરે અયોધ્યા પહોંચ્યો. અયોધ્યા પહોંચીને પોતાના બહેન-બનેવીનું ઘર શોધવા માંડ્યો. લોકોને પૂછવા માંડ્યો અને આખી અયોધ્યામાં તપાસ કરતો કરતો ફરવા માંડ્યો. કોઈ બાળકની આ પૂછતાછ અને શોધ જોઈને હસવા માંડ્યા અને કોઈ વળી બાળકની ભાવભક્તિ જોઈને પ્રસન્ન પણ થતાં. બાળકે બહેન-બનેવીનાં ઘરની ખૂબ તપાસ કરી, પણ બહેન-બનેવીનું સ્થાન મળતું નથી. પ્રયાગદત્ત ખૂબ પરેશાન થઈ ગયા. આખરે મણિકૂટ તરફ ગયા. ત્યાં તંગ આવીને એક વનરાજીમાં બેસી ગયા. ખૂબ થાકેલા હતા. તેઓ તો પોતાના બનેવીસાહેબને ખૂબ ઠપકો આપવા માંડ્યા અને કહેવા લાગ્યા, "જુઓ, તમને ખૂબ શોધ્યા, ખૂબ હેરાન થયો. તમે તો મળતા જ નથી. કોણ જાણે ક્યાં રહો છો? હવે શું કરું? ક્યાં જાઉં?"

બાળક પ્રયાગદત્તનો આવો પ્રેમપ્રલાપ ચાલુ હતો અને એટલામાં જ ત્યાં એક સફેદ હાથી આવ્યો. હાથી પર સોનાની અંબાડી હતી અને તેના પર પ્રયાગદત્તના બહેન-બનેવી, સીતારામ બિરાજમાન હતા. હાથી તો પ્રયાગદત્ત પાસે બેસી ગયો. હવે સીતાજી બાળક પ્રયાગદત્તને પૂછે છે, "અરે, ભૈયા! માતાજીએ મારા માટે કાંઈ મોકલ્યું છે?"

ભૈયા તો સ્તબ્ધ બની ગયો. જેમ તેમ પોતાને સંભાળીને બોલે છે, "હા, બહેન! આ લો માતાજીએ તમારા માટે આ લાડુ મોકલ્યા છે."

આ પ્રમાણે કહીને ભૈયાએ બહેનના હાથમાં તે લાડુની પોટલી આપી દીધી અને પછી બાળક બોલે છે, "જુઓ, તમારી કેટલી તપાસ કરી. કેટલો હેરાન થયો; પરંતુ તમે તો મળ્યા જ નહીં. તમે ક્યાં રહો છો? કોઈ તમારું નિવાસસ્થાન બતાવતા જ નથી."

સીતાજી લાડુની પોટલી લઈને કહે છે, "હા, ભૈયા! તને બહુ કષ્ટ થયું છે; પરંતુ અમે એવી જગ્યાએ રહીએ છીએ કે તે જગ્યાને અહીં કોઈ જાણતું જ નથી."

જગન્માતા સીતાજીએ માતાએ મોકલેલી મીઠાઈની પોટલીમાંથી બે કંસાર લઈને બાકીના પ્રયાગદત્તને આપતાં કહ્યું, "લે, ભૈયા! આ તારા માટે છે. આ તું ખાજે. તું ઘરે જા. માને કહેજે કે હું મજામાં છું. તું થોડા સમય પછી ફરીથી આવજે!"

હાથી ઊભો થયો. થોડે દૂર ગયો અને અદૃશ્ય થઈ ગયો. પ્રયાગદત્ત તો બહેન-બનેવીનાં દર્શન અને પછી અદર્શનથી વિહ્વળ બની ગયા છે. વાણી શુદ્ધ બની ગઈ અને અશ્રુપ્રવાહ અવિરત ચાલુ છે. બીજે દિવસે એક સંત ત્યાંથી પસાર થતા હતા. બાળકની અવસ્થા જોઈને તેઓ પ્રભાવિત અને ભાવવિભોર બની ગયા. તેઓ સ્વામી શ્રી ત્રિલોચનજી હતા. બાળકને પોતાના આશ્રમે લઈ ગયા. તેને સ્નાન કરાવ્યું, ભોજન કરાવ્યું અને આશ્વાસન આપીને શાંત કર્યો. બીજે દિવસે બાળક પ્રયાગદત્ત તેમની પાસેથી વિદાય લઈને જનકપુર જવા નીકળ્યો. તેમણે જનકપુર પહોંચી માતાને બધી વાત કરી. માતા તો ભાવવિભોર અને પ્રસન્ન બની ગઈ.

એક વર્ષ પછી માતાજી સ્વર્ગે સીધાવ્યા. પ્રયાગદત્તજી એકલા પડી ગયા. હવે તેઓ પોતાના બહેન-બનેવી પાસે જવા માટે અધીર બની ગયા અને તદ્નુસાર અયોધ્યામાં પ્રવેશ કરે છે અને પહેલા તે સ્થાને જાય છે, જ્યાં મણિકૂટ પાસે તેમને પહેલા બહેન-બનેવીનાં દર્શન થયાં હતાં. પછી તો તેઓ સીતારામનાં દર્શન માટે ઉન્મત્ત બનીને ચારેય બાજુ ફરવા લાગ્યા. કુંજો અને ઝાડીઓમાં શોધતાં ફરવા લાગ્યા. આ રીતે શોધતાં શોધતાં તેમને એક વાર તેમના પૂર્વપરિચિત સ્વામી શ્રી ત્રિલોચનજી સાથે મુલાકાત થઈ. બંને એકબીજાને ઓળખી ગયા. સ્વામીજી તેમને પ્રમપૂર્વક પોતાનાં સ્થાને લઈ ગયા. તેમને વિશ્રામ કરાવ્યો અને ભોજન કરાવ્યું.

ધીમે ધીમે સ્વામીજીએ તેમને અપૂર્વ સત્સંગના પ્રભાવથી શાંત અને સાવધાન કરી દીધા. પ્રયાગદત્તને સ્વામીજીમાં શ્રદ્ધા બેસી ગઈ, જેઓ પ્રેમપથમાં સહાયક બને છે. તેઓ સ્વભાવતઃ શ્રદ્ધેય અને પ્રિયપાત્ર બની જાય છે.

આખરે પ્રયાગદત્તજીએ સ્વામી શ્રી ત્રિલોચનદાસજીને વૈરાગ્ય દીક્ષા માટે પ્રાર્થના કરી. ગુરુ મહારાજે તેમને દીક્ષા આપી. તેમને લંગોટી અને અંચલો પ્રદાન કર્યા. પ્રયાગદત્તને દીક્ષાનું નવું નામ મળે છે - પ્રયાગદાસજી !

હવે પ્રયાગદાસજી અયોધ્યા અને સંનિકટ અરણ્યમાં પ્રભુ શ્રીરામની શોધ માટે વિહરવા લાગ્યા. તેઓ તો બસ શ્રીરામનાં દર્શન માટે દિવાના બની ગયા. સીતાજીનાં દર્શન માટે દિવાના બની ગયા. સીતાજીનાં આ ભાઈને હવે તો અયોધ્યાવાસીઓ 'મામા' કહીને બોલાવવા લાગ્યા. આમ પ્રયાગદાસજી હવે મામા પ્રયાગદાસજી બની ગયા.

પ્રયાગદાસજી હવે સતત શ્રીરામ અને તેમની લીલાઓનું દર્શન કરી રહ્યા છે. પ્રયાગદાસજી સતત પોતાની આ નિરાલી દુનિયામાં જીવી રહ્યા છે.

रमते रहते हैं सदा देखते लीला उसकी ।
कल कहीं आज कहीं प्रात कहीं रात कहीं ॥

એક વાર પ્રયાગદાસજીને શ્રીરામ, સીતાજી અને લક્ષ્મણજીની વનવિહરણલીલાનાં દર્શન થયાં. તેમણે જોયું કે તેઓ વનમાં પદત્રાણ વિના વિહરે છે અને ધરતી પર જ શયન કરે છે. પછી તો શી વાત ? તેમણે ધન એકઠું કરવાનો પ્રારંભ કર્યો. થોડું ધન એકઠું થયું એટલે તેમણે તેમાંથી આટલાં સાધનો તૈયાર કરાવ્યાં - ત્રણ જોડી પદત્રાણ (પગરખાં), ત્રણ હળવા પલંગ અને ત્રણ પાથરણાં ! આટલાં સાધનો તૈયાર થયાં એટલે તેમને મસ્તક પર ઉપાડીને પ્રયાગદાસજી અયોધ્યાથી ચાલવા માંડ્યા અને ચાલીને ચિત્રકૂટ પહોંચ્યા. તેઓ સ્ફટિકશિલાના પરમ રમ્ય પ્રદેશમાં જઈને રોકાયા. તદનંતર પ્રયાગદાસજી આજુબાજુનાં અરણ્યોમાં ફરી દિવાના બનીને પ્રભુને શોધવા માંડ્યા. અરે ! રુદન કરતાં કરતાં બૂમો પાડીને પ્રભુને બોલાવવા માંડ્યા.

આ પ્રમાણે ભટકતાં ભટકતાં ભાવવિભોર પ્રયાગદાસજી એકવાર ત્રણેય પલંગો મૂકેલા હતા ત્યાં આવ્યા. આવીને તેમણે શું જોયું ? તેમણે જોયું કે ત્રણેય પલંગો પર શ્રીરામ, લક્ષ્મણજી અને સીતાજી બિરાજમાન છે. પછી તો પ્રયાગદાસજીના હૃદયમાં તો જાણે આનંદનો સાગર ઉભરાયો. વિહ્વળતાપૂર્વક તેઓ બોલે છે, "તમે ક્યાં હતા ? ક્યારે આવ્યા ? હું તો તમને શોધી રહ્યો હતો."

પછી તો પ્રયાગદાસજીએ ત્રણેયનાં ચરણોમાં પોતાના હાથે પદત્રાણ પહેરાવ્યાં.

પ્રયાગદાસજી પ્રભુ શ્રીરામને ઠપકો આપે છે, "તમે આ જંગલમાં શા માટે આવ્યા ? તમે મારી આ સુકુમારી બહેનને સાથે શા માટે લઈ આવ્યા ? તમે આ ઘોર જંગલમાં કેવી રીતે રહો છો ?"

સીતાજી કહે છે, "ભૈયા ! મને પ્રભુ અહીં લાવ્યા નથી. હું સ્વયં અહીં તેમની સાથે મારી ઇચ્છાથી આવી છું."

પ્રયાગદાસજી પ્રભુ શ્રીરામને કહે છે, "પ્રભુ ! હવે હું આ પલંગ, આ પાથરણાં અને આ પદત્રાણ લઈને આપની સાથે જ ચાલીશ, જેથી આપને કષ્ટ ન થાય."

પ્રભુ શ્રીરામ તેમને સમજાવે છે, "ભૈયા ! અમારી વનયાત્રાનો એવો નિયમ છે કે અમે તમને સાથે ન રાખી શકીએ; અમે પલંગ પર ન સૂઈ શકીએ અને અમે પદત્રાણ પણ ન પહેરી શકીએ."

પછી શ્રીરામ પ્રયાગદાસજીને સમજાવે છે, "ભૈયા ! હવે તમે આ બધી સામગ્રી લઈને અયોધ્યા જાઓ અને ત્યાં જ રહેજો. હું ત્યાં પણ છું જ !"

પ્રયાગદાસજી મંદાકિનીમાં સ્નાન કરીને અયોધ્યા પરત આવે છે અને એક લીંબડાના વૃક્ષ નીચે આસન જમાવ્યું છે. તેમણે ભાવવિભોર અને મદમસ્ત બનીને, રામમય બનીને જીવન વ્યતીત કર્યું.

જેઓ ભગવાન માટે દિવાના છે, તેઓ જ ડાહ્યા છે ! ■■■

“ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના...”

પદમાં વ્યક્ત થતી નિષ્કુળાનંદ સ્વામીની મનોવૈજ્ઞાનિક દૃષ્ટિ...

- શ્રી મહેશ પટારિયા

મહાત્મા ગાંધીને ખૂબ પ્રિય અને આશ્રમ ભજનાવલીમાં સ્થાન પામેલું નિષ્કુળાનંદ સ્વામીનુ પદ ‘ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના...’ જ્યારે જ્યારે સાંભળવાનું, વાંચવાનું કે ગાવાનું બને છે ત્યારે એમ લાગે છે કે આજની કોઈ પણ યુનિવર્સિટી માત્ર આ પદ પરથી સ્વામીને મનોવિજ્ઞાનમાં **P.hd.**ની ઉપાધિ એનાયત કરી દે. જો કે આ પદમાં વ્યક્ત થતી સ્વામીની મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિ માટે આ ઉપાધિ ઘણી વામણી પૂરવાર થાય એમ છે.

આજે જે અજાગૃત મનની વાતો આજના માનસશાસ્ત્રીઓ વિસ્તારથી કરે છે, એ જ વાત સ્વામી પ્રસ્તુત પદનાં પ્રથમ ચરણમાં આવી રીતે કરે છે...

“ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરે કોટિ ઉપાયજી;
અંતર ઊંડી ઇચ્છા રહે, તે તો કેમ તજાયજી.”

અદના માનસશાસ્ત્રીની પેઠે સ્વામી અહીં મનને ખૂબ મહત્વ આપે છે. અંતરમાં ઊંડે જે ઇચ્છા રહે છે તે તૃપ્ત ન થાય ત્યાં સુધી મન ઠેકાણે બેસતું નથી.

અહીં મને આચાર્ય ઓશો રજનીશ અને નિષ્કુળાનંદ સ્વામી સામે સામે નહીં પણ પાસ પાસે બેઠેલા દેખાય છે. આમ તો આ બન્ને વચ્ચે ઉત્તરધ્રુવ-દક્ષિણધ્રુવ જેવો વિરોધાભાસ લાગે, પણ બન્ને પરસ્પર તદન વિરોધી બે છેડાની આબોહવા મળતી આવતી હશે ? ભૂગોળમાં તો આવું દેખાય છે.

મનની અતૃપ્ત ઇચ્છાને અવગણી ધરાહાર મનની ઉપેક્ષા કરીને, ક્ષણિક આવેલા વૈરાગ્યના આવેગથી બનેલા ત્યાગીના વેશ અને દેશ વચ્ચે પ્રકાશવર્ષમાં માપવું પડે એવું અંતર રહી જવા પામે છે.

સનમાઈકાથી મઢેલાં લાકડાનાં સડેલા ભાગને અનુભવી સુથાર જ જોઈ શકે, એમ વૈરાગ્યના વેશ નીચે ભરપૂર મોહ ઘૂઘવતો સ્વામી જોઈ શકે છે.

આ બીજાં ચરણમાં સ્વામી વૈરાગ્ય વિના લીધેલા વૈરાગ્યના વેશ નીચે કેવો ભયાનક મોહનો સાગર ઘૂઘવતો હોય છે, એના તરફ અંગુલી નિર્દેશ કરતાં લખે છે...

“વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂર જી;
ઉપર વેશ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂર જી.”

જેમ પૃથ્વીના પેટાળમાં ધગધગતો લાવારસ તક મળ્યે સપાટી ઉપર વિસ્ફોટથી ફાટી નીકળે છે - એમ કામ, ક્રોધ, મદ, લોભ આ બધા નિર્મૂળ ન થાય ત્યાં સુધી, સામાન્ય સ્થિતિમાં સુષુપ્ત, નિષ્ક્રિય સ્વરૂપે હોય એને આપણે કદાચ એની ગેરહાજરી સમજતા હોઈએ છીએ, પણ સંગ-પ્રસંગે એ જાગૃત થાય છે.

પાણીમાં તપ કરતા ઋષિ સૌભરીમુનિ માછલીના મૈથુનને જોઈને વિકારને પામેલા. આપણાં શાસ્ત્રોમાં ઘણા એવા પ્રસંગો છે કે તપ કરતાં, સદાચારી જીવન જીવતા સાધુઓ, ઋષિમુનિઓ ક્યારેક કોઈકને શાપ આપે છે. આ શું છે ? ક્રોધની ગેરહાજરી એટલે ક્રોધ પર વિજય ગણી શકાય ખરો ? તો પછી શાપ માટેનો ક્રોધ આવ્યો ક્યાંથી ? આ બતાવે છે કે ક્રોધનું મૂળ ગયું નથી. સૌભરીમુની ત્યાગી બન્યા, કામનો ત્યાગ કર્યો પણ કામનું મૂળ નહોતું ગયું એટલે માછલીનાં મૈથુનને જોઈને વિકાર પામ્યા.

આ ત્રીજાં ચરણમાં કહેલી વાતને સ્વામી સમજાવતા એક શિક્ષકની અદાથી ચોથાં ચરણમાં એક બહુ સરસ લોકભોગ્ય ઉદાહરણ આપે છે. સ્વામી ઉદાહરણ આપતાં કહે છે...

“ઉષ્ણ ઋતે અવની ઉપરે, બીજ નવ દીસે બહારજી;
ઘન વરસે વન પાંગરે, એમ ઇંદ્રિય વિશે વિકારજી.”

કેટલું ઉત્કૃષ્ટ ઉદાહરણ !!

ઉનાળામાં પૃથ્વી ઉપર એક પણ બીજ દેખાતું નથી. સર્વત્ર ખુલ્લી જમીન દેખાય છે પણ જ્યારે વરસાદ વરસે ત્યારે જાત-જાતની ને ભાત-ભાતની વનસ્પતિ, વેલા, નીંદણ ધરતી ઉપર ઊગી નીકળે છે. આપણી ઇન્દ્રિઓમાં ઉપજતા વિકારનું પણ આવું જ છે. સાનુકૂળ માહોલ ઊભો થતાં તે ઉદભવે છે.

સ્વામીએ ત્રીજાં ચરણમાં રહી ગયેલાં મૂળની વાત કરી એ મૂળ ફરી વખત ફૂટીને ઊગે છે કેમ ? એનો જવાબ આ ઉદાહરણમાં આપણને મળે એમ છે.

‘ન મળે નારી તો બંદા બ્રહ્મચારી’ એવી સ્થિતિ વાળાને વાસ્તવમાં નારીનો યોગ થાય, ત્યારે એના કહેવાતા યતીપણાની પરીક્ષા થતી હોય છે. મોટાભાગે આમાં એ

કુલ્લી નાપાસ થાય છે.

આજે ઘણી વખત છાપા, સોશિયલ મીડિયામાં કહેવાતા સાધુઓના સ્ખલનના સમાચાર પ્રગટ થતા રહે છે. ત્યારે આખો સમાજ આવા લોકો પર તૂટી પડે છે. મને તો આવા ત્યાગ અને ભોગ વચ્ચે લટકી પડેલા માણસો ક્રોધને નહીં પણ દયાને પાત્ર લાગે છે. વિચાર તો કરો કે અત્યાર સુધી પેલા કામના ઘૂઘવતા મહાસાગરને મહાપ્રયત્ને દબાવીને ફરતો હતો, અત્યારે 'ઘન વરસે વન પાંગરે' જેવી સ્થિતિ ઊભી થતા પેલો ઘૂઘવાટ પ્રગટ થયો. એમાં એનો શો દોષ?

દોષ હોય તો આપણે ઊભી કરેલી વ્યવસ્થાનો છે. વૈરાગ્યના 'વ' ની પણ જાણ ન હોય એવાને દીક્ષા આપીએ તો પછી પ્રાતઃસ્મરણીય મુક્તાનંદ સ્વામીને બદલે આવા લંપટાનંદ જ મળે એમાં નવાઈ શું?

મન અને આત્મામાં વૈરાગ્ય ભાવ પ્રગટે નહીં ત્યાં સુધી કરેલા ત્યાગનું કોઈ મૂલ્ય નથી. આ વાતમાં સ્વામી એટલા બધા સ્પષ્ટ છે કે ચોથાં ચરણમાં ઉનાળા અને વરસાદની ઋતુનું ઉદાહરણ આપીને સમજાવ્યા છતાં પાંચમા અને છઠ્ઠાં ચરણમાં પણ એ જ વાતને ફરી વખત વિવિધ ઉદાહરણો દ્વારા ઘૂંટે છે.

ચુંબકથી લોઢું આકર્ષાય છે. ચુંબકનું ચુંબકત્વ કે લોખંડનું લોહતત્વ નામશેષ ન થાય ત્યાં સુધી તો આવું બનવાનું છે. ઇન્દ્રિય પણ આ જ રીતે વિષયના સંયોગે એના તરફ આકર્ષાય છે. ટૂંકમાં કોઈ વૃત્તિનું શમન ન થાય ત્યાં સુધી એ નિર્મૂળ થતી નથી.

આપણા મોટાભાગના અવતારી પુરુષો કે જેમણે સંસારનો ત્યાગ કરેલો એ બધા સુખની રેલમછેલ વચ્ચે જન્મેલા, એમને કોઈ ભોગ ભોગવવાની કમી ન હતી. આ ભોગના અતિરેકથી ઉબકો આવી જતા તેઓ ત્યાગી બન્યા. ભગવાન બુદ્ધ, મહાવીર સ્વામી, સહજાનંદ સ્વામી આના ઉત્તમ ઉદાહરણો ગણી શકાય.



આપણે જેનાં પદની વાત કરીએ છીએ એ નિષ્કુળાનંદ સ્વામી પણ પૂર્વાશ્રમમાં ખૂબ સુખી પરિવારમાં હતા. સુશીલ પત્ની, બે આજ્ઞાંકિત દીકરાઓ હતા, પણ સ્વામી એમનાં એક અન્ય પદમાં લખે છે કે 'જ્ઞાન વૈરાગ્ય ગળે ઝાલ્યા, ક્યાંય ન ચોટયું ચિત્ત.' પછી જ સ્વામી કુળ તજી નિષ્કુળાનંદ બન્યા.

પણ શમન ન થયેલી ભોગવૃત્તિ 'અણભેટે અભાવ છે' અર્થાત બન્ને સામસામે ન હોય ત્યાં સુધી બાહ્ય રીતે બન્નેનું જોડાણ દેખાતું નથી, પણ 'ભેટ્યે ભોગવશે ભોગ' જેવું તે સામે આવશે તેને તે બમણા વેગથી એ ભોગવવાનો છે.

ગરીબીને કારણે ભૂખે મરતાને આપણે ઉપવાસી નથી કહેતા, કેમ કે અન્ન ન મળવાથી અનિચ્છાએ એ ભૂખ્યો રહ્યો છે. એનો મહિમા ન હોય. જેવું એની સામે ભોજન આવશે કે તરત એ બમણા વેગથી એના ઉપર તૂટી પડશે. ભોગ ભોગવવા માટે આવું જ બને છે.

વાત અને વેશ બન્ને ત્યાગનો અને ભજન, રટણ ભોગનું. સ્વામી કહે છે કે આવો વર્ણ, આશ્રમ અનર્થકારી બને છે. ટૂંકમાં મનમાં રહેલી ઇચ્છાનું મૂળ ન બળે, એ તૃપ્ત થઈને એનું શમન ન થાય, ત્યાં સુધી કરેલો ત્યાગ કોઈક દિવસ ભોગનો જોગ થતા સાધકને સાધના પથથી વિમુખ કરે છે. એ વાત સ્વામી વળી વળીને ઉદાહરણો દ્વારા ઘૂંટે છે.

સાતમાં ચરણમાં 'વૈરાગ્ય વિનાના ત્યાગી કરતા તો ગૃહસ્થ સારો' એવા ભાવને રજૂ કરતા સ્વામી ભોગથી ખરડાયેલા ત્યાગને બગડેલા દૂધ સાથે સરખાવે છે. બગડેલા દૂધમાંથી માખણ કે ઘીની અપેક્ષા રહેતી નથી, એને ઉકરડે ઢોળવું પડે છે. એ નકામું બને છે. એમ સતત ભોગ ભોગવવાની ઇચ્છા કરતો ત્યાગી પણ ત્યાગ અને ભોગ વચ્ચે લટકી પડે છે.

એ નથી છૂટથી ભોગ ભોગવી શકતો કે નથી ત્યાગાશ્રમને ઉજાગર કરી શકતો. આવા માણસની દશા કેવી હોય છે એનું તાદશ્ય ચિત્ર સ્વામી આઠમાં અને અંતિમ ચરણમાં આપે છે.

આવો માણસ એક પળે જોગી તો બીજી પળે ભોગી, ત્રીજી પળે ગૃહી અને ચોથી પળે ત્યાગી હોય છે. આવું ઘડિયાળના લોલકની જેમ ત્યાગ અને ભોગમાં અટવાતા રહેતા નરના વૈરાગ્ય, ત્યાગને સ્વામી અણસમજ્યો ગણાવે છે.

સ્વામીનું આ પદ ગાંધીજીને પ્રિય હોવાના કારણે અને બાપુની આત્મકથામાં એનો ઉલ્લેખ હોવાના કારણે જગપ્રસિદ્ધ બન્યું છે. ઘણાએ આ પદ પર લખ્યું હશે.

મારી પાત્રતા આવા વૈરાગ્ય પ્રધાન પદનો ભાવ પૂર્ણ રીતે પામી શકું એવી તો નથી જ, પણ 'અધૂરો ઘડો છલકાય ઘણો' એ કહેવત આબાદ રીતે અહીં મને લાગુ પડે એમ છે...

હાસ્યલેખ

નાથુભાનો ખટારો

- ડૉ. જગદીશ ત્રિવેદી

અમારે તલકચંદ શેઠે આખો સંઘ લઈને એક વાર પાલિતાણા જવાની બાધા રાખી અને તલકચંદ શેઠે ચાલીને જવાની નહીં, પણ વાહનમાં જવાની બાધા રાખી હતી. પોતાના મોટા દીકરા પ્રકાશને કહ્યું, "તું ગામમાંથી એક ટ્રક ભાડે કરી આવ, એટલે ટ્રકના કૅરિયરમાં ગાદલાં નાખીને માથે છાંયો કરીને આપણે બાધા પૂરી કરી આવીએ."

જે દિવસે વહેલી સવારે નીકળવાનું હતું એની આગલી રાતે તલકચંદ શેઠે પ્રકાશને પૂછ્યું, "બેટા ! ખટારો ભાડે કરી લીધો ?"

એટલે પ્રકાશ તરત જ બોલ્યો : "હા, પપ્પા ! નાથુભાબાપુનો ખટારો ભાડે કરી લીધો છે. છ હજાર ભાડું નક્કી કર્યું છે, એમાં હજાર રૂપિયા એડવાન્સ પણ આપી દીધા છે."

નાથુભાબાપુનું નામ સાંભળીને તલકચંદ શેઠને ફાળ પડી, કારણ કે પ્રકાશનાં લગ્ન વખતે કરિયાવરનો સામાન લાવવા માટે બાપુનો ખટારો ભાડે કર્યો ત્યારે શેઠને થોડો કડવો અનુભવ થઈ ગયેલો. કડવો અનુભવ એટલો જ કે કન્યા વિદાય થઈ ગઈ, બધાં પાદર આવીને ખટારાની રાહે બેઠાં. તલકચંદ શેઠે તો જાનૈયા માટે બસ બાંધી હતી, પણ બાપુનો ખટારો આવે તો કરિયાવર ઘરભેગો થાય એમ હતું.

છેવટે દોઢ કલાક રાહ જોવડાવીને બાપુ ધૂળ ઉડાડતા મારતે ખટારે આવી ચડ્યા. તલકચંદ શેઠ ખાલી એટલું બોલ્યા, "બાપુ ! તમે બહુ રાહ જોવડાવી."

ત્યાં તો નાથુભાબાપુની ભ્રૂકુટિ તંગ થઈ ગઈ, આંખનો રંગ બદલાઈ ગયો અને તરત જ સેલ્ફ મારીને કહે, "જે ટાઈમે આવે એનો ખટારો બાંધી લેજો."

વળી ડાહ્યા માણસો વચ્ચે પડ્યા. બાપુની ભૂલ હતી છતાં શેઠે માફી માગવી પડી ત્યારે કરિયાવરનો સામાન રવાના થઈ શક્યો અને ત્યારથી શેઠે પાણી મૂક્યું કે નાથુભા મફત ખટારો આપે તો પણ એમનું વાહન વહેવારમાં લેવું નહીં.

એમાં આજે વીસ વરસ પછી પ્રકાશથી ભૂલ થઈ ગઈ અને નાથુભાનો ટ્રક ભાડે રાખી લીધો. આખી રાત તલકચંદ શેઠને ઊંઘ આવી નહીં. સવારે પાંચ વાગ્યામાં ભોં-ભોં કરતું હૉર્ન વગાડતા બાપુ મારતે ખટારે આવી ચડ્યા. તલકચંદ શેઠે બાપુને મીઠો આવકાર આપ્યો, ચા-પાણી પાયાં. બધા મહેમાનને ખટારામાં ચડાવી બાપુને કહ્યું, "રિવર્સમાં ખટારો આવવા દો."

નાથુભાબાપુ જિરાફની જેમ ડોક કરીને ડોકને કૅબિનના બારણા બહાર કાઢીને રિવર્સમાં અને રિવર્સમાં છેક ગામને પાદર આવ્યા. ત્યાં સુધી શેઠ ખટારાની પાછળ ચાલતાં-ચાલતાં રસ્તો દેખાડવામાં પડ્યા હતા. એ પાદર આવતાં ખટારાની કૅબિનમાં ચડીને કહે, "બસ, આવી જ રીતે રિવર્સમાં પાલિતાણા સુધી જવા દ્યો."

આ સાંભળીને નાથુભાની ચોટલી ખીતો થઈ ! એમણે ત્રાડ નાખી, "પાલિતાણા સુધી રિવર્સમાં કેમ ?"

તલકચંદશેઠ બોલ્યા, "મારે સંઘને પાછા પગે લઈ જવાની બાધા છે, એટલે વાહન છેક સુધી રિવર્સ ગેરમાં ચાલે તો જ મારી બાધા પૂરી થાય એવું છે."

આ સાંભળીને નાથુભાએ ખટારો બંધ કરીને સીધા હજાર રૂપિયા કાઢીને હાથમાં મૂકીને કીધું, "આ લ્યો તમારા હજાર રૂપિયા પાછા. છ હજારમાં પાલિતાણા સુધી પાછા પગે આવે એવો ખટારો બાંધી લેજો. અત્યારે બધાં મારા ખટારામાંથી ઊતરી જાઓ."

તલકચંદ શેઠે બધાં મહેમાનોને ઉતારીને પાલિતાણાની એસ.ટી. બસમાં ચડાવી દીધાં અને રસ્તામાં પ્રકાશને ઠપકો આપ્યો, "ભવિષ્યમાં એક પણ વાહન ન મળે તો ચાલીને જવું, પણ ક્યારેય નાથુભાનો ખટારો બાંધવો નહીં."

■■■

ભક્તિનો અમૃત પ્રવાહ

સવંત ૧૮૬૮માં ભગવાન શ્રીહરિએ ભક્તોને ચેતવણી આપવા માટે વિચરણ આરંભ્યું હતું. મુમુક્ષુ ભક્તોને તે કહેતા, "ચેતી જજો ! સાવધાન રહેજો ! આવતા વર્ષે ભયંકર ઓગણોતેરો કાળ પડશે. માટે ઢોર-ઢાંખર વેચી નાંખજો, અનાજનો સંગ્રહ કરજો."

શ્રીહરિ વિચરણ કરતા કરતા સોરઠમાં આવ્યા. તેમની ઈચ્છા જૂનાગઢ જવાની હતી, પણ ગોંડલમાં સુથાર જીકોરબાઈએ શ્રીહરિને ભક્તિભાવથી બરાબર ખેંચ્યા.

એ દિવસે દેવરામ સુથારને ઘરે બ્રાહ્મણ જમાડવાનો સંકલ્પ પૂર્ણ કરવા માટે બ્રાહ્મણોને તેડાવી રસોઈ કરાવી. ત્યારે જીકોરબાઈએ ઠાકોરજીને થાળ ધરાવતા મનમાં સંકલ્પ કર્યો, 'હે મહારાજ ! આજે અમારે ત્યાં બ્રાહ્મણ જમશે, તો તમે પણ આવો અને મારો મનોરથ પૂર્ણ કરો. પણ તમે આ ટાણે ક્યાં હશો ? આજે પંદર પંદર દિવસથી તમારા તો ક્યાંયથી વાવડ મળ્યા નથી. નહિ તો અમે તમને તેડવા આવત.'

જીકોરના બોલ સાંભળી દેવરામ બોલ્યો, "અરે ! તમે થાળ ધર્યો, તે એવો ભાવ રાખોને કે તે મહારાજ પ્રત્યક્ષ પધારીને જમે છે ! નાહકના હૈયાનો વલોપાત ન કરો, હૈયું ન બાળો. ભગવાન તો ભાવના ભૂખ્યા છે, જરૂર એ થાળ જમ્યા, તેમ માની લ્યો."

"પણ આપણા એવા ભાગ્ય ક્યાં છે કે મહારાજ પ્રત્યક્ષ પધારીને થાળ જમે !" એમ કહી જીકોરબાઈએ હૈયાનાં ઊંડાણેથી શબ્દોના વહેણ વહાવ્યાં...

"મારે ઘેર આવજો છોગલાધારી,
લાડુ જલેબીને સેવ સુંવાળી,
હું તો ભાવે કરી લાવી છું ભારી..."

અને પળવારમાં જીકોરબાઈની વૃત્તિ મહારાજની મૂર્તિમાં ચોંટી ગઈ. શ્રીહરિ તે વખતે જૂનાગઢના રસ્તે જતા હતા. જીકોરબાઈના થાળની ગંધ અને પોકાર સાથે લઈ હવાની ઝોળી હિલોળા ખાતી મહારાજનાં અંતરે અથડાઈ. ભક્તના પ્રેમનો રસ શ્રીહરિનાં અંતરમાં છવાઈ ગયો. તેઓ અચાનક સંઘને રસ્તામાં ઊભો રાખતા બોલ્યા, "સંતો-ભક્તો ! તમે બધા જૂનાગઢ પહોંચો, ત્યાં અમે તમને મળશું. અમને એક ભક્ત ગોંડલમાં પોકારે છે, તો તેને મળતા આવીએ." એમ કહી મહારાજ પાંચ સંતોને સાથે લઈ ગોંડલના માર્ગે ચાલ્યા.

શ્રીહરિ દેવરામ સુથારના ઘરે આવ્યા. શ્રીહરિને અચાનક આવેલા જોઈને દેવરામને આશ્ચર્ય થયું. તેણે હૈયામાં ઉભરાયેલ આનંદ સાથે બે હાથ જોડી પ્રણામ કરી કહ્યું, "ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી, પધારો પ્રભુ ! તમારી જ રટના હતી. આપ અચાનક એકાએક ક્યાંથી ?"

શ્રીહરિ તેના ભાવનો ઉભરો અને આશ્ચર્ય જોઈ હસ્યા અને બોલ્યા, "આ અમારા ભક્ત જીકોરબાઈએ અમને અહીં ખેંચ્યા. અમે તો સંઘ સાથે જૂનાગઢ જતા હતા, પણ અમારું ધાર્યું ક્યાંથી થાય ! અમારા ભક્તની અમને જમાડવાની બળુકી ઈચ્છા પૂરી કરવા અમે અહીં આવ્યા."

દેવરામ મહારાજનાં મધૂરાં વચન સાંભળી હરખાતો પોકાર કરી બોલ્યો, "અરે અહીંતો આવો ! સાંભળો છો કે? જે થાળ ઠાકોરજીને મંદિરમાં પીરસ્યો છે, તે થાળ અહીં જ લાવો. પ્રગટ પ્રભુ તમારા ભાવને પૂર્ણ કરવા પધાર્યા છે!"

જીકોરબાઈએ પોકાર સાંભળી પોતાનાં ચિત્તની વૃત્તિ પાછી ખેંચી. ઉતાવળા પગલે બહાર આવ્યા અને નજરું સામે પોતાના અત્યંત વહાલા શ્રીહરિને નયનો માંડીને નીરખ્યાં. પ્રથમ તો તેને ભ્રમણા કે સ્વપ્નનું લાગ્યું, પરંતુ ચિત્તવૃત્તિ જાગૃત થતા વાસ્તવિકતાનો અનુભવ થયો. તે

શ્રીહરિનાં ચરણે ઢળી પડ્યા.

શ્રીહરિનાં આગમનથી હૈયાના હર્ષ સાથે અશ્રુની ધારા વહેતી થઈ ને શ્રીહરિના ચરણ ભીંજવી નાંખ્યા!

"અરે બાઈ! અમે આજે તમારે ઘરે જમવા જ આવ્યા છીએ!" શ્રીહરિએ કહ્યું

જીકોરબાઈ બોલ્યા, "હા... હા... આવોજ ને! આજે પંદર દિવસથી ક્યાં ભટકણ છે તેના કાંઈ અમને વાવડ જ ન મળ્યા, એટલે આખરે દેહ પડી જાય એ પહેલા બ્રાહ્મણ જમાડીએ છીએ, પણ તોએ મારું મન ઉખળ્યું કે તમે જમ્યા વિના રહો તો આ જમણ એળે જાશે. એટલે હેયેથી પોકાર કરવો પડ્યો."

શ્રીહરિ હસીને બોલ્યા, "ભક્તિનો અમૃત સમો પ્રવાહ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે ભક્તને માટે ભગવાન ગમે ત્યાં હોય ત્યાં સુખે રહી જ ન શકે. લ્યો હવે થાળ પીરસો, એટલે અમે જમીએ!"

જીકોરબાઈએ હૈયાનાં હેત ઢોળી ઢોળીને શ્રીહરિ અને સંતોને થાળ પીરસી જમાડ્યા.

સૌ જમીને તૃપ્ત થયા પછી શ્રીહરિએ દેવરામને અને જીકોરબાઈને કહ્યું, "સાંભળો, આવતી સાલે કારમો દુષ્કાળ પડશે. માટે અન્નનો સંગ્રહ રાખજો. અમે ગામેગામ ભક્તોને એ કહેવા માટે વિચરણ શરુ કર્યું છે."

એમ કહી શ્રીહરિએ દેવરામનો હાથ પકડી દક્ષિણ દિશાકોર પગલાં માંડતાં કહ્યું, "દેવરામ! આ તમારું ઘર પવિત્ર છે. આવતા સમયમાં આ સ્થળે સુંદર મંદિર થશે ને અમારા પરિવાર સાથે અમારી મૂર્તિ મધ્ય મંદિરમાં પધરાવાશે."

શ્રીહરિનાં વચન પ્રમાણે આજે સંત શ્રી બાલમુકુંદદાસજી સ્વામીએ એ જગ્યાએ મંદિર બંધાવ્યું અને ધર્મ-ભક્તિ સાથે ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવી, આગમ સત્ય કર્યું. ■■■

SGVPનું નવું નજરાણું

SGVP અમદાવાદ દ્વારા પ્રકાશિત
ગ્રંથો,
કીર્તનો,
કથાવાર્તા,
અદ્‌ભુત વૉલપેપર,
શ્રી ઘનશ્યામ મહારાજ નિત્ય દર્શન
વગેરેનો ઘરે બેઠા આપની મોબાઈલ સ્ક્રીન ઉપર
અનોખો લાભ...

આજે જ ઈન્સ્ટોલ કરો એપ્લિકેશન

SGVP સત્સંગ સુધા

સ્ક્રીન ફોર એન્ડ્રોઈડ

સ્ક્રીન ફોર આઈ.ઓ.એસ.

दर्शनम् वेद विद्यालय

श्रीस्वामिनारायण गुरुकुल विश्वविद्या प्रतिष्ठान (SGVP),
S.G. हाईवे, छारोडी, अहमदाबाद, गुजरात, पीन.-३८२४८१

महर्षि सान्दीपनि राष्ट्रीय वेदविद्या प्रतिष्ठान, उज्जैन,
(शिक्षा मंत्रालय, भारत सरकार की स्वायत्तशासी संस्था द्वारा तात्कालिक रूप से)

आवश्यकता

- वेद अध्यापक -

शुक्ल यजुर्वेद माध्यन्दिन शाखा (संख्या-01)
एवं अथर्ववेद पैप्पलाद शाखा (संख्या-01)

आयु : न्यूनतम 21 वर्ष
योग्यता : संहिता सस्वर कण्ठस्थ, वेद का सांगोपांग अध्ययन, विकृति/घनपाठ अध्ययन, वेद विभूषण प्रमाणपत्र प्राप्त अभ्यर्थी को वरीयता।
अनुभव : वेदाध्यापन का 02 वर्ष का अनुभव होने पर वरीयता।
मानदेय : प्रतिष्ठान नियमानुसार Rs. 27500/-
(यह केवल मानदेय आधारित सेवा है, स्थायी/पद आधारित सेवा नही है।)
अध्यापक की तात्कालिक सेवाएं महर्षि सान्दीपनि राष्ट्रिय वेदविद्या प्रतिष्ठान, उज्जैन के नियमानुसार होगी। उपर्युक्त के सन्दर्भ में अभ्यर्थी अपने सभी अभिलेखों एव आधार कार्ड की स्व प्रमाणित छाया प्रति के साथ प्रार्थना पत्र प्रबंधक /सचिव नीचे दिये गए पते पर अंतिम दिनांक 11 जून, 2024 तक डाक द्वारा अथवा स्वयं उपस्थित होकर वेद विद्यालय के कार्यालय में जमा करें।
अन्तिम तिथि के पश्चात प्राप्त आवेदन पत्रों पर विचार नहीं किया जायेगा।

पाठशाला का सम्पर्क सूत्र
'दर्शनम' वेद विद्यालय
श्री स्वामिनारायण गुरुकुल विश्वविद्या प्रतिष्ठान, SGVP,
S.G. हाईवे, छारोडी, अहमदाबाद, गुजरात, पीन-382481
मोबाईल- 9265592311 (श्री अजय जे. व्यास)
Whatsapp No.- 8238617913
E-mail: dss@sgvp.org

સમાચાર દર્શન

આમ્રોત્સવ

ઉનાળાની ઋતુ એટલે ફળોના રાજા કેરીની ઋતુ. આ ઋતુમાં દર વર્ષે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી ગુરુકુલમાં અનોખો આમ્રોત્સવ ઉજવાય છે.

આ વર્ષ વડતાલધામ દ્વિશતાબ્દિ વર્ષ છે. શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણ દેવ પ્રતિષ્ઠિત થયા એને બસો વર્ષ થઈ રહ્યા છે ત્યારે વડતાલ ધામ ખાતે SGVP ગુરુકુલ પરિવાર દ્વારા ભવ્ય આમ્રોત્સવ ઉજવાયો હતો.

આ મહોત્સવમાં ૧૦,૦૦૦ કિલો ઉપરાંત કેરીઓ દેવો સમક્ષ ધરાવવામાં આવી. ૨ જૂન ૨૦૨૪ના રોજ ઉજવાયેલ આ આમ્રોત્સવમાં પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, સંતો તથા સ્વયંસેવક-ભક્તો વડતાલ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ વડતાલધામના કોઠારી શ્રી સંતવલ્લભદાસજી સ્વામી તથા ચેરમેન શ્રી દેવપ્રકાશદાસજી સ્વામીએ ગુરુકુલ પરિવાર દ્વારા થયેલી આ સેવાને બીરદાવી હતી.

ત્યારબાદ ભગવાનને ધરાવેલ પ્રસાદરુપ કેરીઓ ગરીબોને વહેંચવામાં આવી હતી. સ્વયંસેવકો તથા સંતો પ્રસાદરૂપી કેરીઓ લઈને ગામડે ગામડે, ગલીએ ગલીએ પહોચ્યા હતા. જ્યાં કાળા તડકામાં તનતોડ મહેનત કરતા દરિદ્રો અને એમના નાનાં નાનાં બાળકોને પ્રસાદ વહેચ્યો. જ્યારે તેઓને કેરી જમતા જોયા ત્યારે સ્વયંસેવકોની આંખો ભીંજાય ગઈ. વૃદ્ધાશ્રમમાં નિવાસ કરતા વૃદ્ધોને કેરી જમતા જોવા એ દશ્યો ખરેખર હૃદયને સ્પર્શી જાય તેવાં હતાં.

ભગવાનના ભક્તો પોતાની ભક્તિ-શ્રદ્ધા ભગવાન પાસે રજુ કરે અને એ જ ભક્તિ-શ્રદ્ધા જ્યારે નાનામાં નાના માણસ સુધી પહોંચે ત્યારે ખરી રીતે ભગવાનની સેવા થઈ ગણાય. માટે જ ગુરુકુલ દ્વારા થતા અન્નકૂટોત્સવ, આમ્રોત્સવ વગેરે ઉત્સવો જે રીતે ઉજવાય છે, એનાથી સર્વવ્યાપી પરમાત્મા અવશ્ય રાજી થતા હશે.

કન્યા છાત્રાલયનો પ્રારંભ

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સદ્વિદ્યા પ્રવર્તનનો શુભ સંદેશ આપી સમગ્ર માનવજાત ઉપર ખૂબ મોટો ઉપકાર કર્યો છે. આજે આ સંદેશાઓને લક્ષ્યમાં રાખીને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી સ્થાપિત ગુરુકુલ દ્વારા અનેકવિધ શૈક્ષણિક તથા સામાજિક સેવાઓ થઈ રહી છે. આજથી પંચોતેર વર્ષ પહેલા ગુરુદેવે ગુરુકુલનો પ્રારંભ કર્યો અને ભારતવર્ષનું ભવિષ્ય એવા બાળકોના ઘડતરનું ગુરુકુલ માધ્યમ બન્યું. આજ સુધી લાખો બાળકો સંસ્કારયુક્ત શિક્ષણ લઈ દુનિયાના ખૂણે ખૂણે ભારતીય સંસ્કૃતિની સુગંધ ફેલાવી રહ્યા છે.

જે રીતે બાળકો સંસ્કાર યુક્ત શિક્ષણ પ્રાપ્ત કરે છે એ જ રીતે બાલિકાઓને પણ ગુરુકુલમાં રહી ઉત્તમ શિક્ષણ સાથે સંસ્કાર પ્રાપ્ત થાય એવી સમાજની માંગ ઊભી થઈ. જેને ધ્યાનમાં રાખીને શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના દ્રોણેશ્વર ખાતે વર્ષ ૨૦૨૪-૨૫ થી ગુરુકુલ પરંપરામાં સૌપ્રથમવાર કન્યા છાત્રાલયનો પ્રારંભ થયો છે.

સોરઠનો ભક્તિભીનો પ્રદેશ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સંતોની કૃપાથી સત્સંગના રંગે રંગાયો છે. તેમાં સદ્વિદ્યાના બગીચા સમાન દ્રોણેશ્વર ગુરુકુલમાં દીકરીઓની કેળવણી સાથેના છાત્રાલયનો પ્રારંભ એ ગુરુકુલના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

તા. ૧૨ જૂન ૨૦૨૪ના રોજ શૈક્ષણિક સત્રના પ્રારંભે નૂતન કન્યા છાત્રાલયનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો. જેમાં સાંખ્યયોગી બહેનોની સાથે ગુરુકુલના વિકાસકાર્યોમાં જેમનો ખૂબ મોટો ફાળો રહ્યો છે એવા યજમાન પરિવારના બહેનો શ્રી ધનબાઈ કે. વરસાણી - નાઈરોબી, મીનાબેન આર. ઢોલરિયા - અમદાવાદ, ભાવનાબેન વિપુલભાઈ ગજેરા- અંકલેશ્વર, શાળાના પ્રિન્સીપાલશ્રી તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અનો પોતાના અંતરનો રાજીપો વ્યક્ત કર્યો હતો. ખાસ કરીને આજે દીકરીએ પોતાના અંતરના ભાવો પ્રગટ કરી સંતો તથા સંચાલકોનો ખૂબ આભાર માન્યો હતો.

શિક્ષણ, સંસ્કાર અને સુવિધાની દૃષ્ટિએ સર્વોત્તમ ભવનોની સાથે કરાટે, સ્વીમિંગ, યોગ, સંગીત, વક્તૃત્વ વગેરેમાં દીકરીઓ પારંગત થાય એવી સુવિધાઓ અહીં ઊભી કરવામાં આવી છે. સાથે સાથે વિશાળ લાઈબ્રેરી, ઓડિટોરિયમ, કોન્ફરન્સ હોલ વગેરેનો પણ સમાવેશ થાય છે.

વૈદિક પ્રશિક્ષણ શિબિર

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ખાતે દર્શનમ્ વેદ વિદ્યાલય કાર્યરત છે. જ્યાં ચારે વેદોનું અધ્યયન થઈ રહ્યું છે. આ વેદવિદ્યાલય દ્વારા એક વૈદિક પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહર્ષિ સાંદીપનિ વિદ વિદ્યા પ્રતિષ્ઠાન દ્વારા ચાલતી વેદ વિદ્યાલયોના પ્રાધ્યાપકોનું પ્રશિક્ષણ સંસ્થાના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજિત થયું. જેમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક, ગુજરાત વગેરે રાજ્યના પચાસ ઉપરાંત વૈદિક પંડિતોએ ઉપસ્થિત રહી પંદર દિવસના પ્રશિક્ષણમાં ભાગ લીધો.

તા. ૮ થી ૨૨ જૂન દરમિયાન આયોજિત આ પ્રશિક્ષણ શિબિરમાં સવારથી રાત્રિ સુધી વેદપારાયણ, વિવિધ શાસ્ત્રોનું અધ્યયન, ગીતાપાઠ, સંભાષણ, સ્તોત્રપાઠ વગેરેના વર્ગો ઉપરાંત ક્લાસ મેનેજમેન્ટ, સ્કુલ મેનેજમેન્ટ, વિદ્યાર્થીઓની કેળવણી વગેરે વિષયો ઉપર વિશેષ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંપૂર્ણ આયોજનમાં દર્શનમ્ વેદવિદ્યાલયના પ્રધાનાચાર્ય શ્રી અજયભાઈ વ્યાસ, અમિત ગર્ગ, હેમંતભાઈ શર્મા, તારકભાઈ જોષી, સ્વપ્નિલભાઈ સબનિશ, બ્રિજેશ ઉપાધ્યાય વગેરે અધ્યાપકો જોડાયા હતા.

વૈદિક પંડિતોની ઉપસ્થિતિમાં વેદગાન, પૂજા-પાઠ થવાથી કેમ્પસમાં દિવ્યતાનો સંચાર થયો હતો. પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોએ વૈદિક પંડિતોનું પૂજન કરી ધન્યતા અનુભવી હતી.

વેદોનું અધ્યયન-અધ્યાપન કરનારા ઋષિકુમારો તથા પંડિતો આજના આધુનિક સમયાનુસાર કેળવણી પામે તથા સંસ્કૃત અને સંસ્કૃતિની વિશેષ સેવા કરી શકે એવો આ પ્રશિક્ષણ શિબિરનો હેતુ હતો.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી હંસરાજભાઈ ગોપાલભાઈ પીપળિયા :- રાજકોટ નિવાસી પ.ભ. શ્રી હંસરાજભાઈ પીપળિયા તા. ૧૭ મે ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. હંસરાજભાઈ રાજકોટ સત્સંગના સ્તંભ હતા. ગુરુકુલમાં એમની સેવા અપાર હતી. એમનો સત્સંગ તથા સમજણ સૌને પ્રેરણા આપે તેવા હતા. ભગવાન શ્રીહરિ હંસરાજભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા જયેશભાઈ, દિપકભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ઘનશ્યામભાઈ મોહનભાઈ પટેલ :- અમેરિકા નિવાસી પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ પટેલ તા. ૨૦ મે ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે ખૂબ સ્નેહથી જોડાયેલો આ પરિવાર ખૂબ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ ઘનશ્યામભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા ધીરજભાઈ, હાર્દિકભાઈ, ધવલભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નિલેશભાઈ ઘનજી કલ્યાણ હિરાણી :- ગામ સુખપર, હાલ કંપાલા નિવાસી તથા ગુરુકુલના અનન્ય સેવક પરિવારના સુપુત્ર નિલેશભાઈ હિરાણી તા. ૨૫ મે ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. કંપાલામાં રહીને આ પરિવાર ગુરુકુલ સાથે ખૂબ સારી રીતે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ નિલેશભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ અર્પે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મોહનભાઈ રાજાભાઈ પટેલ :- ગામ મણિપુરા, હાલ અમદાવાદ નિવાસી મોહનભાઈ પટેલ તા. ૨૦ મે, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિના પરમ ભક્ત મનજીભાઈના પવિત્ર આત્માને સાશ્વત સુખ પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી મુકેશભાઈ મનજીભાઈ સિયાણી :- કચ્છના સત્સંગથી રંગાયેલા તથા ગુરુકુલ સાથે ખૂબ સારી રીતે જોડાયેલા મુકેશભાઈ સિયાણી તા, ૭ જૂનના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તેઓના આત્માને સાશ્વત સુખ અર્પે તથા મુળજીભાઈ, હિતેશભાઈ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી હર્ષદભાઈ ટી. ચંદારાણા :- અમરેલી નિવાસી તથા ગુરજરાતના જાણીતા કવિ શ્રી હર્ષદભાઈ ચંદારાણા તા. ૧૬ જૂન, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. હર્ષદભાઈની કવિતા અધ્યાત્મથી ભરેલી રહેતી. પૂજ્ય સ્વામીજી સાથે એમને ખૂબ સ્નેહ હતો. અવારનવાર ગુરુકુલ પધારી પોતાની કવિતાઓનું રસપાન કરાવતા. ભગવાન શ્રીહરિ હર્ષદભાઈના પવિત્ર આત્માને સાશ્વત સુખ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી પાર્વતીબેન વલ્લભભાઈ ગજેરા :- ગુરુકુલના અનન્ય સેવક અને ટ્રસ્ટી શ્રી વિપુલભાઈ ગજેરાના માતુશ્રી પાર્વતીબેન તા. ૨૬ મે, ૨૦૨૪ ના રોજ ૯૨ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ પરિવારની સેવા, નિષ્ઠા, ભજન અનોખા છે. સત્સંગની સમજણથી અભરે ભરેલો આ પરિવાર સંતો તથા મહારાજમાં અપાર હેત ધરાવે છે. આ બધા સંસ્કાર આપનાર જો કોઈ હોય તો એ માતુશ્રી પાર્વતીબેન હતા. એમની નિશ્રામાં પરિવારમાં સંપ અને સત્સંગ જળવાઈ રહ્યા છે. અખંડ ભજનમાં રહેનારા પાર્વતીબેનનું જીવન સૌના માટે પ્રેરણાદાઈ હતું. ભગવાન શ્રીહરિ પાર્વતીબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા વિપુલભાઈ, વસંતભાઈ, પ્રાગજીભાઈ, બાલુભાઈ, ઘનશ્યામભાઈ, વાસુદેવભાઈ વગેરે સમગ્ર ગજેરા પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શાંતાબેન મધુભાઈ શેખડા :- ગુરુકુલના સન્નિષ્ઠ સેવક પરિવારના માતુશ્રી શાંતાબેન શેખડા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ શાંતાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી લક્ષ્મીબેન મીઠાભાઈ વિરડીયા :- ગામ રાજગઢ નિવાસી શ્રી લક્ષ્મીબેન તા. ૨૬ મે ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલના સેવાકાર્યો સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ લક્ષ્મીબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ વાલજીભાઈ, હિંમતભાઈ, વિરજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કંચનબેન ચન્દ્રકાંતભાઈ પટેલ :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલના અનન્ય સેવક શ્રી ચન્દ્રકાંતભાઈ પટેલના ધર્મપત્ની શ્રી કંચનબેન તા. ૨૪ મે, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારની નિષ્ઠા અને સત્સંગ અજોડ છે. આદરણીય ચન્દ્રકાંતભાઈની ગુરુરુકુલમાં અપાર સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ કંચનબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ ચન્દ્રકાંતભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી અનસૂયાબેન શરદચંદ્ર પંડ્યા :- અમદાવાદ-નિકોલ નિવાસી શ્રી અનસૂયાબેન પંડ્યા તા. ૨૨ મે ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ અનસૂયાબેનના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ હેમંતકુમાર, જયેશકુમાર વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કંચનબેન ચતુરભાઈ પટેલ :- અમદાવાદ નિવાસી શ્રી કંચનબેન પટેલ તા. ૧૭ મે ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ કંચનબેનના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ ચતુરભાઈ, મયંક, હાર્દિક વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી સંજયભાઈ પટેલ, અમદાવાદ
અ.નિ. શ્રી શંકરભાઈ પટેલ. હસ્તે રાજુભાઈ પટેલ
પ.ભ. શ્રી અશોકભાઈ બી. ઠક્કર
પ.ભ. શ્રી કશ્યપભાઈ કાકડિયા
પ.ભ. શ્રી હાર્દિકભાઈ ખેની
શ્રી લતાબેન પરેશભાઈ કંસારા
પ.ભ. શ્રી મયુર વલ્લભભાઈ પટેલ
પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ મેતલિયા, મુંબઈ
પ.ભ. શ્રી પાર્થ બલભદ્રસિંહ વાઢેર, જામનગર
પ.ભ. શ્રી ડેનિશભાઈ કૈલા, ગાંધીનગર
પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રવિણભાઈ છભાડિયા, રામપર વેકરા
પ.ભ. શ્રી કરશનભાઈ રાબડિયા, કચ્છ

આગામી આયોજન

તા. ૦૨/૦૭/૨૪, મંગળવાર : **યોગિની એકાદશી**
તા. ૦૭/૦૭/૨૪, રવિવાર : **રથયાત્રા મહોત્સવ,** બપોરે ૨:૦૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૧૫/૦૭/૨૪, સોમવાર : **શ્રીહરિ જયંતી :** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર તથા નિલકંઠવર્ણી અભિષેક : મેમનગર ગુરુકુલ
તા. ૧૭/૦૭/૨૪, બુધવાર : **દેવશયની એકાદશી :** ચાતુર્માસ પ્રારંભ, ભજન-ભક્તિના વિશેષ નિયમ ગ્રહણ કરવા.
તા. ૨૧/૦૭/૨૪, રવિવાર : **ગુરુપૂર્ણિમા મહોત્સવ :** સાંજે ૪:૦૦ કલાકે, SGVP ગુરુકુલ, અમદાવાદ
તા. ૩૧/૦૭/૨૪, બુધવાર : **કામિકા એકાદશી**

SGVP®
HOLISTIC
HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

ગુજરાતના પ્રથમ

ન્યુરોમોડ્યુલેશન

વિભાગનો શુભારંભ

RF એબ્લેશન

અને AI આધારીત ન્યુરોનેવિગેશન બ્રેઇનલેબ
ટેક્નોલોજી દ્વારા સારવાર

ઉપલબ્ધ સારવાર

ડિસ્ટોનિયા
(હાથ-પગ જકડાઈ જવા)

ટ્રેમર (ધ્રુજારી)



કેન્સરનો દુખાવો

રાઈટર્સ ક્રેમ્પ

પાર્કિન્સન્સ (કંપવા)

ડાયાબિટીસનો દુખાવો

ડો. સાગર બેટાઇ
MD (Medicine), DM (Neurology) Consultant Neurologist
Director - Neuroscience Department,
Head, Division Of Neuromodulation

ડો. પુલકીત પુરોહિત
(MS, M.CH) Neurosurgery
Stereotactic and Functional Neurosurgeon

એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક : 02717 240001, 95122 00122

SGVP કેમ્પસ, નિરમા યુનિ. સામે, S.G. હાઈવે, અમદાવાદ.

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.



શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે ગુરુકુલના ઇતિહાસમાં સૌપ્રથમ વાર કન્યા છાત્રાલયના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત સાંખ્યયોગી બહેનો, યજમાન પરિવાર તથા છાત્રાલયમાં પ્રવેશ લેનારી દીકરીઓ

SGVP હોલિસ્ટિક હોસ્પિટલ દ્વારા આયોજિત વિશ્વ યોગ દિવસ પ્રસંગે સામુહિક યોગમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ તથા ભક્તજનો - SGVP ગુરુકુલ

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-